# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા
# "ગીર સાવજ" મગફળી GJG-22 ના બદલે GJG-32 નું સર્ટિફાઈડ
# બિયારણ મેળવવા બાબત

આથી ખેડૂતમિત્રોને જણાવવાનું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખરીફ-૨૦૨૪ ઋતુમાં વાવેતર માટે મગફળી GJG-22 ટ્રુથફૂલ બિયારણ માટે ઓનલાઈન અરજી કરેલ હોઈ પરંતુ વારો ન આવેલ હોઈ તે ખેડૂતમિત્રોને મગફળી GJG-22 ટ્રુથફૂલ ને બદલે મગફળી GJG-32 સર્ટિફાઈડ બિયારણ વહેલા તે પહેલાના ધોરણે જથ્થો ઉપલબ્ધ હશે ત્યાં સુધી મળવાપાત્ર છે. આ બિયારણનું વેચાણ ચાલુ દિવસો દરમ્યાન સવારના ૮:30 થી ૧૨:00 તથા બપોરના 3:00 થી ૫:30 સુધી સીડ હબ ગોડાઉન, ગેટ નંબર-3 ની પાસે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતેથી તા.૨3/0૫/૨૦૨૪થી વહેલા તે પહેલાંના ધોરણે શરૂ થનાર છે. અરજી દીઠ વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં મગફળીમાં ૧૦ બેગ (300 કિ.ગ્રા. ડોડવા) સુધી મળવાપાત્ર થશે. મગફળીના સર્ટીફાઈડ બિયારણમાં સબસીડી સહાય મેળવવા માટે બિયારણ ખરીદ કરવા આવો ત્યારે સાથે પુરાવા જેવા કે આધારકાર્ડની નકલ, જમીનનો ૮-(અ) નો તાજો અસલ દાખલો (છ મહિનાથી જૂનો દાખલો ચાલશે નહીં), બેંકની પાસબુકના પ્રથમ પાનાની નકલ (અરજદારનો ખાતા નં. અને બેંકનો IFSC નંબર વંચાય તેવો હોવો જોઈએ) સાથે રજુ કરવાના રહેશે. ઉપરોકત બધા પુરાવામાં ખેડૂત ખાતેદારની અટક અને નામ એક સરખા હોવા જરૂરી છે. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.0૨૮૫-૨૬૭૫0૭0 તથા 0૨૮૫-૨૬૭૨0૮0-૯0 પીબીએક્ષ ૪૫0 થી સંપર્ક કરવો.

| પાક અને જાતનું નામ | બિયારણની કક્ષા | સબસીડી સહાય વિનાનો ભાવ | સબસીડી સહાય બાદનો ભાવ |
|---|---|---|---|
| મગફળી (GJG-32) | સર્ટીફાઈડ | રૂ.33૫0/- પ્રતિ બેગ (30 કિલો) | રૂ.૨૧૫0/- પ્રતિ બેગ (30 કિલો) |

તારીખ:- ૨૨/0૫/૨૦૨૪
સ્થળ:- જૂનાગઢ

પ્રાધ્યાપક અને વડા
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ-3૬૨00૧